ગુજરાત પ્રદેશ ભાજપા

પ્રેસનોટ ૦૧

તા.૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬

-------

આવતીકાલે ૧૭ સપ્ટેમ્બરે દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે 'વડનગરથી વારાણસી' અને 'વારાણસીથી વડનગર' ઐતિહાસિક બાઈક સેવા યાત્રાના પ્રારંભ સાથે ‘સેવા સંકલ્પ અભિયાન’ની શરૂઆત થશે

-------

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની જન્મભૂમિ વડનગર ખાતેથી કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સવારે ૯.30 કલાકે બાઈક સેવા યાત્રાનું પ્રસ્થાન કરાવશે

-------

શ્રી નરેન્દ્રભાઇ મોદીની કર્મભૂમિ વારાણસી થી પણ આ જ સમયે બાઇક સેવા યાત્રાનો પ્રારંભ થશે

-------

આ યાત્રા દેશના ૧૦ રાજ્યોના ૧૯૩ જિલ્લાઓ અને ૧,૧૫૯ જેટલાં ગામડાંઓમાંથી પસાર થઈને અંદાજે ૪0,000 કિલોમીટરનું અંતર કાપશે

-------

જાહેરજીવનમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૭ ઓક્ટોબરે યાત્રાનું  સમાપન થશે

-------

આ યાત્રા માત્ર બે સ્થળોને જોડતી યાત્રા નહીં, પરંતુ સેવાના સંકલ્પ સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૫ વર્ષ અવિરતપણે દેશહિતમાં કરેલી નિસ્વાર્થ કામગીરીને દેશના વિવિધ વિસ્તારો અને સમાજના વિવિધ વર્ગો સુધી લઈ જવાનું માધ્યમ બનશે

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં દેશના પ્રધાનમંત્રી અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા અને સમર્પણના અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે, ભારતીય જનતા પાર્ટી દ્વારા ૧૭ સપ્ટેમ્બર થી ૭ ઓકટોબર દરમિયાન દેશવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન' યોજાનાર છે. આ અભિયાન અંતર્ગત 'વડનગરથી વારાણસી' અને 'વારાણસીથી વડનગર' એમ બે ઐતિહાસિક બાઈક સેવા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતીકાલે સવારે ૯:30 વાગ્યે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મદિને તેમની જન્મભૂમિ વડનગર અને કર્મભૂમિ વારાણસી બંને સ્થળેથી એકસાથે, બે અલગ-અલગ દિશામાં આ બાઈક સેવા યાત્રાનો પ્રારંભ થવાનો છે. વડનગર ખાતેથી દેશના યશસ્વી કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ આ બાઈક સેવા યાત્રાનું પ્રસ્થાન કરાવશે.

આ વિશેષ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેજી, કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. હેમાંગભાઈ જોષી, યાત્રાના રાષ્ટ્રીય ઇન્ચાર્જ અને સાંસદ શ્રી વી.ડી. શર્માજી, પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, ડૉ. પ્રશાંતભાઈ કોરાટ, શ્રી અનિરૂદ્ધભાઈ દવે, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ સહિત પ્રદેશ પદાધિકારીઓ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, ભાજપા આગેવાનો અને અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે.

તે જ સમયે વારાણસી ખાતેથી શરૂ થનારી યાત્રાના પ્રસ્થાન કાર્યક્રમમાં દેશના રક્ષામંત્રી શ્રી રાજનાથસિંહ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રબાબુ નાયડુ, કેન્દ્રીય મંત્રી શ્રી ચિરાગ પાસવાન સહિત  આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આ વિશાળ યાત્રાના સ્વરૂપ અને વ્યાપની વાત કરીએ તો, તે માત્ર બે સ્થળો વચ્ચેનો પ્રવાસ નથી પરંતુ આ યાત્રા દેશના ૧૦ રાજ્યોના ૧૯૩ જિલ્લાઓ અને ૧,૧૫૯ જેટલાં ગામડાંઓમાંથી પસાર થઈને અંદાજે ૪0,000 કિલોમીટરનું અંતર કાપશે. વડનગર અને વારાણસી એમ બંને દિશામાંથી શરૂ થનારી આ બાઈક સેવા યાત્રામાં ૧0 અલગ ગ્રુપમાં ગ્રુપ દીઠ ૨૫ બાઈક પર ૫0 સેવા યાત્રીઓ જોડાશે. વડનગર થી વારાણસીની યાત્રામાં ૨૫0 બાઈક પર ૫00 સેવા યાત્રીઓ તેમજ વારાણસી થી વડનગરની યાત્રામાં પણ ૨૫0 બાઈક પર ૫00 સેવા યાત્રીઓ સહભાગી થશે. આ રીતે દેશભરમાંથી કુલ ૧,000 જેટલા યુવાનો આ યાત્રામાં ભાગ લેશે. દરેક ટુકડી ૧0 અલગ અલગ રૂટ પરથી પસાર થશે. ૭ ઓક્ટોબરના દિવસે જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીને જાહેરજીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના છે તે દિવસે આ યાત્રાનું સમાપન થશે.

યાત્રા દરમિયાન વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, નશામુક્ત ભારત અભિયાન, ટીબી મુક્ત ભારત અભિયાન તથા જળસંરક્ષણ  જાગૃતિ સહિતના કાર્યક્રમો યોજાશે. સફાઈ કર્મચારીઓનું સન્માન તેમજ સરકારી યોજનાઓના લાભાર્થીઓ, યુવાનો અને મહિલા સશક્તિકરણ સાથે જોડાયેલી યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ પણ કરવામાં આવશે.

ગુજરાતમાં યાત્રાના પ્રારંભ પૂર્વે જ, રાજ્યના ચારેય ઝોનમાંથી ૧૩ સપ્ટેમ્બરના રોજ નીકળેલી ઉપયાત્રાઓ આજે રાત સુધીમાં વડનગર ખાતે પહોંચી જશે. આ ચારેય ઉપયાત્રાઓ અનુક્રમે સૌરાષ્ટ્ર ઝોનમાં સોમનાથ મહાદેવના પવિત્ર ધામથી, ઉત્તર ઝોનમાં શામળાજીથી, મધ્ય ઝોનમાં પાવાગઢ ખાતેના મહાકાળી માતાજીના મંદિરથી અને દક્ષિણ ઝોનમાં નવસારીના ઉનાઈ માતાજીના મંદિરેથી પ્રસ્થાન થઈ હતી. આ ઉપયાત્રાઓ માર્ગમાં આવતા પવિત્ર જળસ્ત્રોતોમાંથી જળ એકત્ર કરીને લાવી રહી છે.

ગુજરાતની ચારેય ઉપયાત્રાઓ દરમિયાન માર્ગમાં આવતા નદીઓ, તળાવો અને ખેતરના કૂવાઓમાંથી જળ એકત્ર કરી જળકળશ રથમાં પધરાવવામાં આવી રહ્યું છે. આ જળ વડનગર ખાતે એકત્ર થયા બાદ શર્મિષ્ઠા તળાવનું જળ પણ તેમાં ઉમેરવામાં આવશે અને હાટકેશ્વર મહાદેવ મંદિરે જળાભિષેક કરવામાં આવશે. ત્યારબાદ આ જળકળશ વારાણસી લઈ જવામાં આવશે, યાત્રાના રૂટમાં વિવિધ સ્થાનોએથી પવિત્ર જળ કળશમાં એકત્ર કરવામાં આવશે અને જળકળશમાં એકત્રિત થયેલ જળ થી કાશી વિશ્વનાથ મહાદેવજીનો જળાભિષેક કરવામાં આવશે.

વારાણસીથી પ્રસ્થાન થનારી યાત્રા પૂર્વે કાશી આસપાસના વિવિધ નદીઓ અને જળસ્રોતોમાંથી પવિત્ર જળ એકત્ર કરી કાશી વિશ્વનાથ મહાદેવજીનો જળાભિષેક કરવામાં આવશે અને ત્યારબાદ જળકળશ સાથે યાત્રાનો પ્રારંભ થશે. વારાણસી થી આવી રહેલી યાત્રા દરમિયાન પણ જળકળશ રથમાં રૂટમાં આવતી પવિત્ર નદીઓ, જળાશયો સહિતના સ્થળોએથી જળ એકત્રિત કરવામાં આવશે જેનો હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે જળાભિષેક કરવામાં આવશે. નર્મદા, સાબરમતી, માહી, ગોમતી, વિશ્વામિત્રી, તાપી, બનાસ, શેત્રુંજી, અજી, પંબા સહિતની નદીઓનું પવિત્ર જળ જળકળશ રથમાં સમ્મિલિત કરવામાં આવશે.

‘વડનગરથી વારાણસી’ અને ‘વારાણસીથી વડનગર’ સેવા સંકલ્પ બાઈક યાત્રાનો ઉદ્દેશ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 25 વર્ષના જાહેરજીવનની સેવા, સુશાસન અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પ સાથેની અવિરત યાત્રા અને તેમના નેતૃત્વ હેઠળ થયેલ અભૂતપૂર્વ કામગીરીને દેશના યુવાનો અને જનજન સુધી પહોંચાડવાનો અને તેને જનભાગીદારી સાથે આગળ વધારવાનો છે. આ યાત્રા માત્ર બે સ્થળોને જોડતી યાત્રા નહીં, પરંતુ સેવાના સંકલ્પ સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૫ વર્ષ અવિરતપણે દેશહિતમાં કરેલી નિસ્વાર્થ કામગીરીને દેશના વિવિધ વિસ્તારો અને સમાજના વિવિધ વર્ગો સુધી લઈ જવાનું માધ્યમ બનશે. યાત્રા દરમિયાન યુવાનો, લાભાર્થીઓ અને સ્થાનિક સમાજ સાથે સંપર્ક-સંવાદ દ્વારા જનસેવા, સામાજિક જવાબદારી, સુશાસન અને વિકસિત ભારતના સંકલ્પ સાથે જોડાવાની ભાવના મજબૂત કરવામાં આવશે.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત